કતારગામ અને ચોક બજાર વિસ્તારમાં

# 8 દુકાનનું સંચાલન હોવા છતાં રાહુલના વધુ દુકાનો લેવા પ્રયાસ

**રાહુલના** પિતાના નામે લાયસન્સ અને ટ્રાન્સફરની રમતમાં ગરીબોના અનાજ પર કટ લાગે છે

### ગોડાઉન મેનેજર ભાવેશ સામે ચોક્કસ વ્યક્તિને પહેલા પુરવઠો અપાતો હોવાના આક્ષેપ

સ્થાનિક સ્તરે એવી ચર્ચા છે કે રાહુલ 2018થી આ ધંધામાં સક્રિય છે અને ગરીબ લાભાર્થીઓના હકના અનાજમાં કટ મારી મહિને અંદાજે પાંચથી સાત લાખ રૂપિયાની કમાણી કરી રહ્યો છે. તો બીજી તરફ ગોડાઉન મેનેજર ભાવેશ સામે અનાજ પુરવઠામાં પ્રાથમિકતા અપાવવી, અન્ય દુકાનદારોને "માલ નથી" કહી લટકાવવા અને ચોક્કસ દુકાનોને પહેલા જ પુરવઠો કરી દેવા જેવા આક્ષેપો પણ સામે આવ્યા છે.

### રાજસ્થાનમાં પથ્થરનો ધંધો, સુરતમાં ઓફિસ ક્યાં?

માહિતી મુજબ રાહુલ મૂળ રાજસ્થાનમાં પથ્થરના ધંધા સાથે સંકળાયેલો હોવાનું કહેતો ફરે છે. જો કે સુરતમાં તે પથ્થરના ધંધાની કોઈ સત્તાવાર ઓફિસ ધરાવે છે કે કેમ તે પણ તપાસનો વિષય છે. એક સાથે અનેક રેશન દુકાનો પાછળની વાસ્તવિક હકીકત બહાર લાવવી જરૂરી છે.

### 'PBM' હેઠળ ગુનો કેમ નહીં?

આક્ષેપો મુજબ ગરીબોના હકના અનાજમાં ગેરરીતિ, સંગ્રહ અને કાળાબજારી થતી હોય તો પ્રિવેન્ટિવ બ્લેક માર્કેટિંગ (PBM) સહિતની કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. છતાં આજદિન સુધી કોઈ નોંધપાત્ર પગલું ન લેવાયું હોવું આશ્ચર્યજનક ગણાય છે. એક તરફ સરકાર ગરીબોને યોગ્ય અને સમયસર અનાજ મળે તે માટે કડક માર્ગદર્શિકા જાહેર કરે છે, બીજી તરફ એક જ વ્યક્તિ અનેક દુકાનો પર પરોક્ષ કબજો જમાવી રહ્યો હોવાના આક્ષેપો વચ્ચે તંત્રની ચુપ્પી અનેક શંકાઓ જન્માવે છે.

સુરતઃ શહેરના કતારગામ અને ચોક બજાર વિસ્તારમાં જાહેર વિતરણ પ્રણાલી હેઠળની રેશનીંગની દુકાનોમાં ગંભીર ગોટાળાનો મામલો સામે આવી રહ્યો છે. "રાહુલ" નામનો વ્યક્તિ આઠ જેટલી દુકાનોનું પરોક્ષ રીતે સંચાલન કરી રહ્યો છે અને વધુ દુકાનો ભાડે અથવા ટ્રાન્સફર મારફતે પોતાના કબજામાં લેવા માટે સક્રિય પ્રયાસ કરી રહ્યો છે.

સી-84 નંબરની દુકાન અગાઉ સી-65ના ચાર્જમાં ચાલતી હતી, જેને હવે સી-18માં ટ્રાન્સફર કરવામાં આવી હોવાનું જણાવાય છે. સી-65 નંબરની દુકાન રાહુલના પિતાના નામે હોવાની ચર્ચા છે. દુકાનોના ટ્રાન્સફર અને ચાર્જ વ્યવસ્થામાં ગરબડ કરીને સિસ્ટમનો દુરૂપયોગ થતો હોવાનો આક્ષેપ ઉઠ્યો છે. જાહેર વિતરણ પ્રણાલી હેઠળના નિયમો મુજબ જે વ્યક્તિના નામે દુકાન ફાળવવામાં આવી હોય તેણે જ દુકાન પર બેસીને સંચાલન કરવાનું હોય છે. પરંતુ આ તમામ દુકાનો પર રાહુલે પોતાના "તોલા" (કર્મચારીઓ) બેસાડ્યા હોવાનું કહેવાય છે. માલિક હાજર નહીં હોવા છતાં દુકાનોનું સંચાલન થતું હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ન થવી અનેક પ્રશ્નો ઉભા કરે છે. જો નિયમોનો ભંગ થાય તો લાયસન્સ સસ્પેન્ડ અથવા રદ થઈ શકે. જરૂરીયાત મુજબ કાળાબજારી વિરોધી કાયદા હેઠળ ગુનો નોંધાઈ શકે અથવા આર્થિક દંડ અને ફોજદારી કાર્યવાહી શક્ય છે. પરંતુ તંત્ર દ્વારા આ પૈકી કોઈ કાર્યવાહી થતી નથી. ચર્ચા મુજબ ઝોનલ ઓફિસર, મામલતદાર તથા ગોડાઉન મેનેજર સુધી હપ્તા પહોંચાડવામાં આવતા હોવાના પણ ગંભીર આક્ષેપ છે. જો આક્ષેપોમાં સત્યતા હોય તો માત્ર એક દુકાનદાર નહીં પરંતુ સમગ્ર પુરવઠા વ્યવસ્થાની વિશ્વસનીયતા પર સવાલ ઊભો થાય છે.

# 10 દિવસમાં બિલ નહીં ભરાય તો કનેકશન કપાશે

**રૂ. 465.49** કરોડની બાકી વસૂલાત માટે DGVCL આકરા પાણીએ

### કનેક્શન કાપતા પહેલાં ઓનલાઇન બિલ ભરવાની તક અપાશે

ગ્રાહકોને સરળતા રહે તે માટે કંપની દ્વારા વિવિધ ડિજિટલ અને ઓનલાઇન માધ્યમો દ્વારા ચૂકવણીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કનેક્શન કાપતા પહેલાં જો ગ્રાહકો ઓનલાઇન પ્લેટફોર્મ જેવા કે કંપનીની સત્તાવાર વેબસાઇટ, મોબાઈલ એપ્લિકેશન, નેટ બેન્કિંગ, યુપીઆઈ, ડેબિટ/ક્રેડિટ કાર્ડ, વિવિધ ડિજિટલ પેમેન્ટ એપ્લિકેશન્સ પરથી પેમેન્ટ કરી શકે છે.

સુરતઃ દક્ષિણ ગુજરાત વિસ્તારમાં વીજ પુરવઠો પૂરો પાડતી દક્ષિણ ગુજરાત વિજ કંપની લિ. (DGVCL) દ્વારા વીજ બિલની બાકી રકમ વસૂલ કરવા માટે કડક પગલાં ભરવાની શરૂઆત કરવામાં આવી છે. કંપનીએ બાકીદાર ગ્રાહકો સામે વિશેષ ડ્રાઈવ હાથ ધરી અને જરૂરી જણાશે ત્યાં વીજ જોડાણ કપવાની કાર્યવાહી પણ શરૂ કરી દીધી છે.

કંપનીના સત્તાવાર સૂત્રો મુજબ હાલ ગ્રાહકો પાસેથી અંદાજે રૂ. 465.49 કરોડ જેટલી રકમ વસૂલ કરવાની બાકી છે. છેલ્લા કેટલાક સમયથી અનેક ગ્રાહકો દ્વારા નિર્ધારિત સમયમર્યાદામાં બિલની ચૂકવણી ન થતા કંપની પર નાણાકીય બોજો વધ્યો છે. અગાઉ કંપની દ્વારા ગ્રાહકોને અનુકૂળતા આપવા માટે સહાનુભૂતિપૂર્વક નરમ વલણ અપનાવવામાં આવતું હતું. બાકીદારોને વારંવાર યાદ અપાવી સમયસર બિલ ભરવા સૂચના આપવામાં આવતી હતી. છતાં ઘણા ગ્રાહકો દ્વારા નિયમિત ચૂકવણી ન થતાં હવે કંપનીને કડક વલણ અપનાવવું પડ્યું છે.

હાલ બાકીદાર ગ્રાહકોની યાદી તૈયાર કરવામાં આવી છે અને તેમના સામે સખ્તાઈપૂર્વક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. કંપનીએ ચેતવણી આપી છે કે બિલની ચુકવણી ન કરનાર ગ્રાહકોના વીજ જોડાણ પૂર્વ સૂચના વિના કપાઈ શકે છે. ઘરેલુ, વ્યાવસાયિક, ઔદ્યોગિક અને કૃષિ તમામ શ્રેણીના ગ્રાહકોને કંપનીએ અપીલ કરી છે કે બિલ મળ્યાના 10 દિવસની અંદર સંપૂર્ણ રકમ ભરપાઈ કરી દેવી, જેથી અનાવશ્યક મુશ્કેલી અને કાનૂની કાર્યવાહીથી બચી શકાય. એક વખત કનેક્શન કપાશે તો ફરી જોડાણ મેળવવા માટે નિયમ મુજબ દંડ, રિકનેક્શન ચાર્જ તથા અન્ય લાગુ પડતા ખર્ચ પણ વસૂલ કરવામાં આવશે.

# સુમુલની ચૂંટણીઃ કલેક્ટરે સરકાર પાસે માર્ગદર્શન માંગ્યું

**કાનૂની** મુદ્દાઓ પ્રસ્તુત થતાં કલેક્ટરે સરકાર પાસે કાનૂની અભિપ્રાય સાથે માર્ગદર્શન માંગ્યું

**હાઇકોર્ટના** આદેશ છતાં કલેક્ટરે સમય ખેંચતા અરજદાર દૂધ મંડળી કન્ટેમ્પ ઓફ કોર્ટની અરજી દાખલ કરશે

### સુમુલના ચૂંટણી અધિકારી એવા કલેક્ટરે સામે આ મુદ્દા ઊભા થતાં સરકારનું માર્ગદર્શન માંગ્યું

» સુમુલડેરીના બોર્ડની હાલ સુરત અને તાપી જિલ્લાના 16 તાલુકા મુજબ 16 બેઠક છે. કોઈપણ નવા સીમાંકન કે બેઠક વધારવા માટે સુમુલના સભાસદોની સાધારણ સભા બોલાવવી પડે, 1200 મંડળીનો અભિપ્રાય લેવો પડે.

» સુમુલના પેટા નિયમ મુજબ નવા તાલુકાઓ બન્યા એ તાલુકામાં 5 લાખ લિટર દૂધ સુમુલમાં આવવું જોઈએ, એટલું દૂધ આવતું નથી. આવી સ્થિતિમાં શું કરવું?

» નોંધાયેલી મંડળીના સભાસદે સુપ્રીમ કોર્ટનો ચુકાદો પ્રસ્તુત કરી લેખિત વાંધો રજૂ થતાં સુમુલની ચૂંટણીમાં મતદાનની પેટર્ન કઈ રાખવી એ અંગે પણ સરકારનું માર્ગદર્શન જરૂરી છે.

સુરતઃ ત્રણ સપ્તાહમાં સીમાંકનની પ્રક્રિયા પૂર્ણ કરી સુમુલ ડેરીની વ્યવસ્થાપક કમિટીની ચૂંટણી કરાવવા ગુજરાત હાઈકોર્ટના આદેશની મુદત પૂર્ણ થઈ ગઈ હોવા છતાં સુરત જિલ્લા કલેક્ટર સૌરભ પારધીએ કોઈ નિર્ણય જાહેર નહીં કરતા પશુપાલકો, સભાસદોમાં રોષ ફેલાયો છે. ધી કઠોર દૂધ ઉત્પાદક સહકારી મંડળીએ હાઈકોર્ટના હુકમનો અનાદર થતાં કન્ટેમ્પ ઓફ કોર્ટની કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

જોકે હાઈકોર્ટના ચુકાદા પછી મળેલી લેખિત રજૂઆતોને લીધે કેટલાક ટેક્નિકલ મુદ્દાઓ પ્રસ્તુત થતાં સુરત જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારી ડો.સૌરભ પારધીએ રાજ્યના કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગના ઉચ્ચ અધિકારી અને રાજ્ય રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ પાસે કાનૂની અભિપ્રાય સાથે માર્ગદર્શન માંગ્યું છે. એનો અભિપ્રાય આવી ગયા પછી સુમુલ ડેરીના સીમાંકન કે ચૂંટણીને લગતો નિર્ણય લેવામાં આવશે.

સુમુલડેરીના બોર્ડ ઓફ મેનેજમેન્ટની હાલ સુરત અને તાપી જિલ્લાના 16 તાલુકા મુજબ 16 બેઠક છે. કોઈપણ નવા સીમાંકન કે બેઠક વધારવા માટે સુમુલના સભાસદોની સાધારણ સભા બોલાવવી પડે, 1200 નોંધાયેલી મંડળીનો અભિપ્રાય લેવો પડે કે તેઓ શું ઈચ્છે છે. સંસ્થાના પેટા નિયમ મુજબ નવા તાલુકાઓ બન્યા એ તાલુકામાં 5 લાખ લિટર દૂધ સુમુલમાં આવવું જોઈએ, એટલું દૂધ આવતું નથી.

આવી સ્થિતિમાં શું કરવું એ અંગે સુમુલના ચૂંટણી અધિકારી અને સુરત જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીએ સરકારમાં પત્ર લખી મામલો સરકારની કોર્ટમાં નાખ્યો છે. કલેક્ટર માટે બીજો ગૂંચનો પ્રશ્ન એ છે કે, સુમુલની ચૂંટણી માટે મતદાર યાદીની કટ ઓફ 31 માર્ચ 2025 સુધીની રાખવી કે હાઈકોર્ટે ચુકાદો આપ્યો એ દિવસની કટ ઓફ ડેટ રાખવી.

બીજી તરફ ઓલપાડની સાંધીએર દૂધ મંડળીના સભાસદ દર્શન નાયકે કલેક્ટરને લેખિત વાંધો નોંધાવ્યો છે. એમ જણાવ્યું છે કે, ભૂતકાળમાં સુમુલ ડેરીનું સીમાંકન, ચૂંટણી,મતદાન પેટર્ન શું હતી એ વિગતો પણ સુરત કલેક્ટરે મેળવવી જોઈએ. ભૂતકાળમાં તાલુકા બેઠક મુજબ નહીં પણ 16 બેઠકના ઉમેદવારોને મત આપવાની પેટર્ન હતી. સાબર ડેરી વિરુદ્ધ પંકજ કુમાર પટેલના કેસ (LLC ઓર્ડર નંબર 17404/2014 નો ચુકાદાનો તા.4/8/2014 નો ઓર્ડર) એવો આવ્યો હતો કે, ઝોન દીઠ 1/1 વોટ અને મંડળીના દરેક સભાસદ 16/16 મત આપી શકે છે.

આ ચુકાદો સુમુલ ડેરીને પણ લાગે છે. પણ અત્યાર સુધી કોઈ સભાસદે એનો અમલ કરતી માંગ કરી ન હોવાથી તાલુકા દીઠ એક બેઠક માટે તાલુકાની મંડળીઓના મતદારો જ મતદાન કરે છે.

ભારત સર્પદંશ એન્વેનોમિંગ માટે રાષ્ટ્રીય કાર્યયોજના ધરાવતો વિશ્વનો પ્રથમ દેશ

# ધરમપુરમાં કોબ્રાના ઝેરની ઈ-હરાજી યોજાઈ

**ઈન્ડિયન** કોબ્રાના ઝેરની પ્રતિ ગ્રામ કિંમત રૂપિયા 44,000

**સો-સ્કેલ્ડ** વાયપરના ઝેરની પ્રતિ ગ્રામ કિંમત રૂપિયા 56,500

વલસાડ : સર્પ સંશોધન કેન્દ્ર ધરમપુર દ્વારા તાજેતરમાં ઝેરની ઈ-હરાજી કરવામાં આવી હતી. જેમાં ગુણવત્તાને લઈ અપેક્ષા કરતા વધુ કિંમત મળી હતી. સર્પ સંશોધન કેન્દ્રએ તાજેતરમાં ગુજરાતમાં જોવા મળતી ચાર મુખ્ય ઝેરી સાપની પ્રજાતિઓ ઈન્ડિયન કોબ્રા, કોમન ક્રેટ, રસેલ્સ વાયપર અને સૉ-સ્કેલ્ડ વાયપરના લાયોફિલાઈઝ્ડ (પાવડર સ્વરૂપમાં) ઝેરની ઈ-હરાજી કરી હતી. આ હરાજીમાં લાયસન્સ ધરાવતા એન્ટિવેનમ બનાવતા ઉત્પાદકોએ ભાગ લીધો હતો. સર્પ સંશોધન કેન્દ્રનાં એક ઉચ્ચ અધિકારીએ માહિતી આપતા જણાવ્યું કે, "ઈન્ડિયન કોબ્રાના ઝેર માટે પ્રતિ ગ્રામ રૂપિયા 40,000 ની બેઝ પ્રાઈસ (આધાર કિંમત) નક્કી કરવામાં આવી હતી. પરંતુ અમને પ્રતિ ગ્રામ રૂપિયા 44,000 મળ્યાં હતા. સૉ-સ્કેલ્ડ વાયપરના ઝેર માટે પ્રતિ ગ્રામ રૂપિયા 50,000ની આધાર કિંમત સામે રૂપિયા 56,500 મળ્યા. અન્ય પ્રજાતિઓ માટે પણ સારો પ્રતિસાદ મળ્યો અને ઉંચી કિંમત મળી હતી.

સર્પ સંશોધન કેન્દ્રને આગામી સમયમાં વિશ્વ કક્ષાનું બનાવવા વલસાડ કલેક્ટર દ્વારા આ સંસ્થાનું કાયમી કેમ્પસ બનાવવા અને તેને સંબધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવા માટે 2.25 હેક્ટર જમીન ફાળવવામાં આવી છે. આ સંસ્થાને વર્લ્ડ-ક્લાસ કેન્દ્ર તરીકે વિકસાવવા માટે રૂપિયા 11.68 કરોડનો પ્રસ્તાવ ગુજરાત સરકાર સમક્ષ રજૂ કરવામાં આવ્યો છે. ભારત સર્પદંશ એન્વેનોમિંગ માટે રાષ્ટ્રીય કાર્યયોજના ધરાવતો વિશ્વનો પ્રથમ દેશ છે.

# ઉધનાથી એક જ દિવસમાં 12000 યાત્રી રવાના

**હોળી** માટે ઉત્તર પ્રદેશ, બિહાર, ઓડિશા અને મધ્યપ્રદેશના શ્રમિકો અત્યારથી જ વતનની વાટ પકડી રહ્યાં છે

સુરતઃ હોળી-ધૂળેટી ને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે સુરતમાંથી પરપ્રાંતીય શ્રમિકોમાં વતને જવાનો અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ઉત્તર પ્રદેશ, બિહાર, ઓડિશા અને મધ્યપ્રદેશના શ્રમિકોએ અત્યારથી જ વતનની વાટ પકડી છે. શનિવારે ઉધના રેલવે સ્ટેશન પર વહેલી સવારથી જ મુસાફરોનો ભારે ધસારો જોવા મળ્યો હતો, તેને પહોંચી વળવા પશ્ચિમ રેલવે દ્વારા ખાસ એક્શન પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો હતો.

રવિવારે ઉધના સ્ટેશનના પ્લેટફોર્મ પર માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. રેલવે પ્રશાસન દ્વારા ભીડને કાબૂમાં લેવા માટે કડક કતાર વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જનરલ ટિકિટ ધરાવતા મુસાફરોને શિસ્તબદ્ધ રીતે ટ્રેનમાં બેસાડવામાં આવ્યા હતા.માત્ર સવારના 6 કલાકના ગાળામાં જ અંદાજે 12,000 જેટલા મુસાફરો સુરતથી વિદાય થયા હતા. યુપી-બિહાર રૂટ પર ત્રણ અને ઓડિશા માટે એક એમ સતત ચાર ટ્રેનો દોડાવીને રેલ્વેએ મુસાફરોને મોટી રાહત આપી હતી. રેલ્વે તંત્ર દ્વારા ભીડને મેનેજ કરવા માટે માઈક્રો-પ્લાનિંગ કરવામાં આવ્યું હતું. સવારના સમયે ભારે ભીડ રહ્યા બાદ 11:00 વાગ્યા પછી પ્લેટફોર્મ પર દબાણ ઓછું થયું હતું.

1) પ્રથમ ટ્રેનઃ સવારે 5:45 વાગ્યે પ્રથમ સ્પેશિયલ ટ્રેન 3,000 મુસાફરો સાથે રવાના થઈ હતી.

2) અમૃત ભારત એક્સપ્રેસઃ સવારે 7:10 વાગ્યે 19021 ઉધના-બ્રહ્મપુર અમૃત ભારત એક્સપ્રેસ ઓડિશા માટે રવાના થઈ, જેમાં અંદાજે 2,500 મુસાફરો સવાર હતા.

3) જયનગર અંત્યોદયઃ સૌથી વધુ ધસારો સવારે 8:35 વાગ્યે જોવા મળ્યો, જ્યારે 22564 જયનગર અંત્યોદય એક્સપ્રેસ 4,000 મુસાફરોને લઈને રવાના થઈ.

4) તાપ્તી ગંગાઃ સવારે 10:30 વાગ્યે તાપ્તી ગંગા એક્સપ્રેસમાં 3,000 મુસાફરો વતન જવા રવાના થયા.

ગયા વર્ષે પ્રવાસી વતન પહોંચી ગયા પછી મંડપ બનાવ્યો હતો

# યાત્રીઓને તાપથી બચાવવા ઉધના સ્ટેશન પર મંડપ તૈયાર

**પ્લેટફોર્મ** નં. 6 પર મોબાઈલ ચાર્જિંગથી લઈ પીવાના પાણીની વ્યવસ્થા ઉભી કરાઈ



સુરત : ગયા વર્ષે રેલવેએ યાત્રીઓ વતનમાં પહોંચી ગયા પછી મંડપ બનાવીને અક્કલનું પ્રદર્શન કર્યું હતું. જેનો અહેવાલ 'ગુજરાતમિત્ર'માં પ્રસિદ્ધ થયો હતો. જો કે, આ વર્ષે પશ્ચિમ રેલવેએ સમયસર જ હોળીમાં પેસેન્જરના ધસારા અને ગરમીને ધ્યાનમાં રાખીને હોલ્ડિંગ એરિયામાં મંડપ બનાવી દીધો છે. ઉધના જંકશન એ ઉત્તર ભારત તરફ જતી ટ્રેનો માટેનું મુખ્ય કેન્દ્ર છે. દર વર્ષે હોળી પહેલા અહીં શ્રમિકોની કીડિયારું ઉભરાય તેવી સ્થિતિ સર્જાય છે. આ સ્થિતિને કાબૂમાં લેવા માટે રેલવે વહીવટીતંત્ર દ્વારા પ્લેટફોર્મ નંબર 6 પર ખાસ 10 જેટલા નાના શેડ બનાવવામાં આવ્યા છે. આ શેડ માં મુસાફરોને આકરા તાપથી બચાવવા માટે પંખા, રોશની માટે વીજળી અને મુસાફરોની સૌથી મોટી જરૂરિયાત એવા 'મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ્સ ની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. ભીડમાં ઉભેલા મુસાફરોને તરસ ન છિપાવવી પડે તે માટે પ્લેટફોર્મ વિસ્તારમાં વધારાના 4 પીવાના પાણીના નળ મૂકાયા છે તેમજ રેલવે સુરક્ષા દળ (RPF) અને સ્થાનિક પોલીસ દ્વારા સંયુક્ત રીતે 'ક્રાઉડ મેનેજમેન્ટ' કરવામાં આવી રહ્યું છે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### ગજેરા બંધુ સામે...

મળેલા રોકડ અવેજની ઉચાપત કરી તેમના પરિવારનો હિસ્સો પચાવી પાડવા માટે બોગસ દસ્તાવેજો અને બનાવટી ડિજિટલ સહીઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. હાલ આ મામલે ઈકો સેલની ટીમ કરી રહી છે.

પીપલોદ ફોર્થ સીઝન એપારમેન્ટમાં રહેતા પ્રવીણ દેવકીનંદન અગ્રવાલ સ્ટીલના વેપાર સાથે સંકળાયેલા છે. તેમણે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ, વર્ષ ૨૦૧૦માં તેઓ શાંતિ રેસિડેન્સી પ્રા. લિમિટેડમાં ભાગીદાર તરીકે જોડાયા હતા.

કંપનીમાં તેમની, તેમની પત્ની અને પિતાની મળી કુલ ૪૩ ટકા હિસ્સેદારી હતી. ગજેરા બંધુઓએ કાવતરુ રચ્યું હતું. પ્રવીણ અગ્રવાલે ડિરેક્ટર પદેથી રાજીનામું આપ્યું હોવાનો વર્ષ ૨૦૧૫નો એક બનાવટી પત્ર તેમની બોગસ સહી સાથે ઊભો કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં, આરોપીઓએ સરકારી રેકોર્ડ (ROC) માં ફેરફાર કરવા માટે ગૌતમ પ્રજાપતિ નામના ડીલર મારફતે બોગસ ડિજિટલ સહીઓ પણ બનાવી હતી. વધુમાં જણાવ્યું હતું કે મિલેનીયમ-૨ અને મિલેનીયમ-૪ ટેક્સટાઈલ માર્કેટમાં અંદાજે ૪૧૩ અને ૧૮૫ દુકાનોના વેચાણ દસ્તાવેજોમાં જંત્રી મુજબની માત્ર ૭ થી ૧૬ ટકા રકમ જ ચેકથી બતાવી બાકીની ૮૪ થી ૯૩ ટકા રકમ (અંદાજે રૂ. ૧૯૨૮ કરોડ) રોકડેથી મેળવી કંપનીના રેકોર્ડ પર બતાવ્યા વિના ઉચાપત કરવામાં આવી હતી. આ રકમનો ઉપયોગ આરોપીઓએ તેમના નામે મિલકતો ખરીદવા રૂપિયા હવાલા મારફતે વિદેશ મોકલવા માટે કર્યો હોવાનો પણ ગંભીર આક્ષેપ છે. ક્રાઈમ બ્રાન્ચની તપાસ દરમિયાન વિવાદાસ્પદ દસ્તાવેજોને ગાંધીનગર સ્થિત DFS ખાતે પૃથ્થકરણ માટે મોકલવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૨૪માં આવેલા હેન્ડરાઈટિંગ એક્સપર્ટના રિપોર્ટમાં સ્પષ્ટ થયું છે કે પ્રવીણ અગ્રવાલ, તેમના પત્ની અને પિતાની સહીઓ આરોપી રાકેશ ગજેરાએ કરી હતી.હાલ ડી.સી.બી. પોલીસે બી.એન.એસ.એસ.ની કલમ ૧૭૩ હેઠળગજેરા બંધુઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ ઈકો સેલ પોલીસે હાથ ધરી છે.

### ધમકીઓનો દબદબો,...

આ તમામ મુદ્દાઓ તપાસના ઘેરામાં છે અને પોલીસ દ્વારા પુરાવા એકત્ર કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે.

### પૂનમના ઘેલાણી...

સિટીલાઈટની સંગમ સોસાયટીમાં રહેતા તુષાર ઘેલાણીએ ગત ૧લીના રોજ પોતાની જાતે ગોળી મારી આત્મહત્યા કરી હતી. દીકરીના લગ્ન પ્રસંગે જ પિતાના આવા અંતિમ પગલાથી સમગ્ર સુરત સ્તબ્ધ હતું. શરૂઆતમાં શાંત રહેલા પરિવારે બનાવના દસ દિવસ બાદ પુત્રી તન્વી મારફતે ઉમરા પોલીસમાં અરજી કરી હતી. જેમાં પૂનમ ભદોરિયા પર મિલકત હડપ કરવા અને માનસિક ત્રાસ આપવાના ગંભીર આક્ષેપો કરાયા હતા. એસીપી ઝેડ.આર. દેસાઈની તપાસમાં આર્થિક અને માનસિક શોષણના પુરાવા મળતા પૂનમની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસ હવે પૂનમની બહેન પ્રિયા ચૌહાણનું ફરી નિવેદન નોંધશે. પોલીસ સી.એ. પાસે તમામ વ્યવહારોનો કાચો-પાકો ચિઠ્ઠો મંગાવ્યો છે. શું કોઈ નજીકની વ્યક્તિએ જ મિલકત ટ્રાન્સફર કરવા દબાણ કર્યું હતું? જો પૂનમ વર્ષોથી સ્કૂલ પર કબજો જમાવી બેઠી હતી, તો અત્યાર સુધી પરિવાર કેમ મૌન હતો? પોલીસ કમિશનરના આદેશથી ચાલી રહેલી આ ઊંડાણપૂર્વકની તપાસમાં આગામી દિવસોમાં મિલકતના દસ્તાવેજો અને બેંક ટ્રાન્ઝેક્શન મોટા ખુલાસા કરી શકે તેમ છે.

### સુરત દાંડી રોડ...

દેખાતા મોપેડ બેરિકેડ સાથે ભટકાતા સુરેશભાઈ રોડ ઉપર પતકાયા હતા. તેમને માથાના ભાગે ગંભીર ઈજા થતા ૧૦૮ દ્વારા મોરાભાગળની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાં બીજા દિવસે શનિવારે બપોરે સુરેશભાઇનું સારવાર મોત નીપજ્યું હતું.

### અડાજણમાં નિર્માણાધિન...

આવ્યું હતું. ઘટનાની જાણ થતાં શહેરી વિકાસના વડા ડેપ્યુટી કમિશનર મનીષ ડોક્ટર, અધિકારી સંજય પટેલ સહિત શહેરી વિકાસ વિભાગનો સ્ટાફ તુરંત સ્થળ પર દોડી ગયો હતો અને સ્થિતિની સમીક્ષા કરી હતી. તપાસ દરમિયાન પરિસ્થિતિ ભયજનક ન હોવાનું જણાતા અધિકારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

તકેદારીના ભાગરૂપે શહેરી વિકાસ વિભાગ દ્વારા SVNIT તેમજ સિનિયર સ્ટ્રક્ચર એન્જિનિયરોની ટીમને પણ બોલાવવામાં આવી હતી. ટીમ દ્વારા સ્થળ નિરીક્ષણ અને તક્નિકી તપાસ બાદ 'સબ સલામત' હોવાનો રિપોર્ટ આપવામાં આવ્યો છે.

### સીસીટીવીમાં નાચવા...

આ જાનૈયા લગ્નના વરઘોડામાં ડી.જે. સંગીતના સૂરે નાચ્યા બાદ રાત્રે રોડની વચ્ચે મૂકેલી બેરિકેડ હટાવ્યા વિના જ જતા રહ્યા હતાં. જે બેરિકેડ સુરેશભાઇને નહીં દેખાતા અકસ્માતની ઘટના બની હતી. જેથી સની આહુજાએ સીસીટીવી કેમેરાની ફૂટેજની સી.ડી. ઓલપાડ પોલીસ મથકમાં રજૂ કરી રોડ વચ્ચે બેરિકેડ મૂકનારા બે શખ્સ વિરુદ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રિપોર્ટ-જયેશ પટેલ સાયણ.

### શંકાસ્પદ રોગચાળામાં...

હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. ઘટનાએ ગરીબ પરિવારમાં શોકની લાગણી ફેલાવી છે.

બીજા બનાવમાં નવસારી જિલ્લાના બીલી ફળિયામાં રહેતા ૩૯ વર્ષીય અર્જુન છનાભાઈ હળપતિ, જે સચિન જીઆઈડીસીની ખાનગી કંપનીમાં કામ કરતા હતા, છેલ્લા કેટલાક દિવસોથી અસ્વસ્થ હતા. શનિવારે કંપનીમાં ફરજ દરમિયાન અચાનક ઝાડા શરૂ થતાં તેમની તબિયત લથડી હતી. તેમને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું પણ મોત થયું હતું. આ બંને બનાવોને લઈને શહેરમાં શંકાસ્પદ રોગચાળાની ચર્ચા ઉઠી છે. આરોગ્ય તંત્ર દ્વારા હકીકતોની તપાસ અને યોગ્ય પગલાં લેવાય તેવી માંગ ઉઠી રહી છે. અત્યારે ફરી બેવડી ઋતુ અને આબોહવાકીય ફેરફાર થતા હોય ખાસ સાચવવાનું હોય છે.

# રૂપિયા ન હોય તો તારી પત્નીને 3 દિવસ મૂકી જા

**ચિરાગ** ગોટી પરિવારની હલકટાઈ, વ્યાજે લીધેલા ૩ લાખ સામે બિલ્ડરને લમણે રિવોલ્વર મૂકી ૧૮ લાખ પડાવ્યા હતા

સુરતઃ કુખ્યાત ગોટી પરિવાર વિરુદ્ધ કાયદાનો સકંજો વધુ મજબૂત બન્યો છે. એક બિલ્ડર પાસેથી વ્યાજે લીધેલા ૩ લાખ રૂપિયાની સામે ધાક-ધમકી આપી ૧૮ લાખ રૂપિયા પડાવવાના ગુનામાં ચોકબજાર પોલીસે ચિરાગ ગોટી, તેના ભાઈ નિરાંત ઉર્ફે લાલો અને પિતા ઘનશ્યામ ગોટીનો જેલમાંથી ટ્રાન્સફર વોરંટના આધારે કબજો મેળવી વિધિવત ધરપકડ કરી છે.

ફરિયાદની વિગતો મુજબ, કતારગામ વેડ રોડ ખાતે રહેતા અને બાંધકામનો વ્યવસાય કરતા રજનીભાઈ વાવડીયાએ વર્ષ ૨૦૧૮માં પોતાની સાઈટ પર થયેલા નુકસાનની ભરપાઈ માટે ચિરાગ ગોટી પાસેથી ૩ લાખ રૂપિયા હાથ ઉછીના લીધા હતા.

આ રકમ પરત કરવામાં એકાદ મહિનાનો વિલંબ થતા આરોપીઓએ આતંક મચાવવાનું શરૂ કર્યું હતું. ચિરાગ ગોટી ૨૦ જેટલા માણસો સાથે બિલ્ડરના ઘરે પહોંચ્યો હતો અને તેમની પત્નીને ધમકી આપી હતી.

જ્યારે રજનીભાઈ સમાધાન માટે આરોપીઓના ઘરે (રાધેશ્યામ સોસાયટી, સિંગણપોર) ગયા, ત્યારે પિતા-પુત્રોએ એકસંપ થઈ તેમને ગાળો ભાંડી હતી. આરોપી નિરાંત ઉર્ફે લાલાએ રજનીભાઈને પાછળથી પકડી રાખ્યા હતા, જ્યારે ચિરાગે તેમના કપાળ પર રિવોલ્વર મૂકી દીધી હતી.

આરોપીઓએ ધમકી આપી હતી કે જો રૂપિયા ન હોય તો તારી પત્નીને ત્રણ દિવસ માટે અમારી પાસે મૂકી જા. આખરે મોતનો ડર બતાવી આરોપીઓએ ૩ લાખની સામે ૩ જ દિવસમાં ૧૮ લાખ રૂપિયા પડાવી લીધા હતા. આ ઘટના ૨૦૧૮માં બની હોવા છતાં ભોગ બનનાર બિલ્ડર ગોટી પરિવારના ડરથી ફરિયાદ કરી શક્યા નહોતા. જો કે, તાજેતરમાં પોલીસ દ્વારા જાહેર કરવામાં આવેલા અપીલ વીડિયોને જોઈને ફરિયાદીમાં હિંમત આવતા તેમણે ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ચોકબજાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા તમામ વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

# ટેક્સટાઈલ સેક્રેટરીએ ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિનું અપમાન કર્યું

**'તમે** ખૂબ લાંબું બોલો છો, હવે લંચનો સમય થઈ ગયો છે' કહી એડિશનલ સેક્રેટરી, ટેક્સટાઇલ્સે ચાલતી પકડી

**સાઉથ** ગુજરાતના ઉદ્યોગોના અવાજની અવગણવા કરનાર નીલમ શામી સામે લેખિત ફરિયાદ

સુરતઃ નવી દિલ્હીના વાણિજ્ય ભવનમાં યોજાયેલી રાષ્ટ્રીય ઉદ્યોગ પરામર્શ (National Industries Consultation) ની મહત્ત્વની બેઠકમાં સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI), સુરતના પ્રતિનિધિઓને બોલવાનો યોગ્ય મોકો ન આપવામાં આવ્યો હોવાની લેખિત ફરિયાદ ટેક્સટાઈલ સેક્રેટરી નીલમ શામી રાવને કરવામાં આવી છે. SGCCIના પ્રમુખ નિખિલ મદ્રાસી અને ઈમીડિયેટ પાસ્ટ પ્રેસિડેન્ટ વિજય મેવાવાલાએ ટેક્સટાઈલ સેક્રેટરી મોકલેલા લેખિત વાંધામાં જણાવ્યું છે કે, બેઠકમાં તેઓના પ્રતિનિધિઓ

આ બેઠકમાં સુરતથી ખાસ પ્રતિનિધિમંડળ દિલ્હી પહોંચ્યું હતું, પરંતુ ત્યાં તેમની વાત સાંભળવામાં આવી ન હતી. જેને તેઓએ પોતાના તેમજ સંગઠનના અપમાન તરીકે ગણાવ્યું છે. SGCCIના ઈમીડિએટ પાસ્ટ પ્રેસિડન્ટ વિજય મેવાવાલા કપડા મંત્રાલયના સચિવ નીલમ શામી રાવને પત્ર લખીને આ ઘટનાની જાણ કરી છે. તેમણે જણાવ્યું કે, સુરતથી દિલ્હી સુધીનો પ્રવાસ કરીને તેઓ અને પાસ્ટ પ્રેસિડન્ટ આશીષ ગુજરાતી સાથે ૧૨-૧૩ મુદ્દાઓ સાથે તૈયારી કરીને આવ્યા હતા. આ મુદ્દાઓ પ્રોસેસ હાઉસ, વિવિંગ ઈન્ડસ્ટ્રીઝ અને સબસિડી સંબંધિત હતા. પરંતુ બેઠકમાં અધિકારી રોહિત કંસલ દ્વારા બોલવાનો મોકો ન આપવામાં આવ્યો. આશીષ ગુજરાતીને છેલ્લા નંબરે બોલવાનું કહેવામાં આવ્યું અને એક-બે મુદ્દા બોલ્યા બાદ જ તેમને રોકી દેવામાં આવ્યા અને કહેવામાં આવ્યું કે 'તમે ખૂબ લાંબું બોલો છો, હવે લંચનો સમય થઈ ગયો છે.' આ અમારું અને અમારા સંગઠનનું અપમાન છે, મેવાવાલાએ પત્રમાં ભાર મૂક્યો કે, SGCCIમાં ૧૪,૦૦૦થી વધુ ડાયરેક્ટ સભ્યો, 153થી વધુ જોડાયેલા એસોસિએશન્સ અને અંદાજે 2 લાખ ઈનડાયરેક્ટ સભ્યો છે. આ સંગઠન ભરૂચથી ઉમરગામ સુધીના સાઉથ ગુજરાતના ટેક્સટાઈલ ઉદ્યોગને રજૂ કરે છે. આટલા મોટા સંગઠનના પ્રતિનિધિઓની વાત ન સાંભળવી એ ખૂબ જ દુઃખદ અને ખોટી ઘટના છે. તેઓએ ઉલ્લેખ કર્યો કે, તેઓ દિલ્હી આવ્યા હતા, સુરત અને સાઉથ ગુજરાતના ટેક્સટાઈલ ઉદ્યોગના વિકાસ માટે, કોઈ વ્યક્તિગત કે ખાનગી હિત માટે નહીં. જો સુરતથી દિલ્હી આવીને પણ સાંભળવામાં ન આવે તો એ ઉદ્યોગ માટે ખૂબ જ નિરાશાજનક છે. SGCCIના અધ્યક્ષ નિખિલ મદ્રાસીએ મંત્રાલયને વિનંતી કરી છે કે આ બાબતની ગંભીર નોંધ લેવામાં આવે અને ભવિષ્યમાં દક્ષિણ ગુજરાત ટેક્સટાઈલ ઉદ્યોગના પ્રતિનિધિઓને પૂર્ણ અને ન્યાયી તક આપવામાં આવે.

# કાપોદ્રામાં સગીરાને પ્રેમજાળમાં ફસાવી રત્નકલાકારે પીંખી નાંખી, આરોપીની ધરપકડ

**લગ્નનો** વાયદો આપી મિત્રોની રૂમ અને કારખાનામાં ગુજાર્યું દુષ્કર્મ

સુરતઃ કાપોદ્રા વિસ્તારમાં રહેતી અને બ્યુટી પાર્લરનું કામ શીખતી કિશોરીનો આજ વિસ્તારમાં રહેતા રત્નકલાકાર સાથે ઈન્સ્ટાગ્રામ મારફતે સંપર્ક થયા બાદ પ્રેમ સંબંધ બંધાયો હતો. તેણે તેની સાથે લગ્ન કરવાનો વાયદો કરી બે વખત શરીર સુખ માણ્યું હતું. ત્યારબાદ તેને તરછોડી દેતા તેણે કરેલી ફરિયાદના આધારે પોલીસે આરોપીની ધરપકડ કરી છે.

કાપોદ્રામાં રહેતી અને બ્યુટી પાર્લરનું કામ શીખતી ૧૫ વર્ષીય કિશોરી છેલ્લા છ મહિનાથી ઈન્સ્ટાગ્રામ મારફતે કાપોદ્રાની જ રામકૃપા સોસાયટીમાં રહેતા અને મૂળ સૌરાષ્ટ્રના રત્નકલાકાર ચેતન ઉર્ફે કાનો રમેશભાઈ હડેતરા સાથે સંપર્કમાં આવી હતી અને ત્યારબાદ બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. ચેતન તેને લગ્ન કરવાનો વાયદો કરી કાપોદ્રા વિસ્તારમાં જ આવેલા તેના મિત્રોની રૂમ તેમજ કારખાનાના એકાંત સ્થળે લઈ જઈ બળજબરીપૂર્વક શરીર સુખ માણ્યું હતું. હવસ સંતોષાયા બાદ રત્નકલાકારે સગીરા સાથે છેડો ફાડી નાખી સંપર્ક તોડી નાખ્યો હતો. પ્રેમીએ સંપર્ક તોડી નાખતા કિશોરી ગુમસુમ રહેવા લાગી હતી. પુત્રીની બદલાયેલી હાલત જોઈ પરિવારે પૂછપરછ કરતા કિશોરી ધ્રુસકે ધ્રુસકે રડી પડી હતી અને પોતાની સાથે થયેલી આપવીતી વર્ણવી હતી. જેથી પરિવારે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.